૫૦૨/૩,૮૦૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પરિચય - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ-૧ : કિશોર સત્સંગ પરિચય - દસમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''દાસ હો તો વસ્ત્ર-ઘરેણાં ઉતારી સાધુ થાઓ.'' (૫૪)

૨. ''સમલોષ્ઠાશ્મકાઞ્ચનઃ એમ બધું એમને સરખું થઈ ગયું છે.'' (૯૨)

૩. ''જો સીધું ખૂટશે ને લાજ જશે, તો લક્ષ્મીની જશે.'' (૪૨)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ભગવત્સ્વરૂપ સંતના આચરણને અનુસરવું એ જ ધર્મ. (૮૫)

૨. રાજાએ અરદેશરને બોલાવી સૂબાગીરી માનપૂર્વક પાછી સોંપી. (૧૦)

૩. શ્રીજીમહારાજે સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં બાંધ્યું. (૨૧)

**પ્ર.૩** 'મિત્રભાવ' (૧૪-૧૫) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ગુંદાળી ગામમાં સાધુઓને કોણે સીધું આપ્યું ? (૬૮)

૨. વાસના ક્યારે ટળતી નથી ? (૭૭)

૩. ગલુજી કયા ગામના અને કઈ જ્ઞાતિના હતા ? (૭)

૪. અંતરીક્ષમાંનો અવાજ સાંભળી શિવરામે શું કહ્યું ? (૧૯)

૫. રાજબાઈએ શું નિશ્ચય કરી લીધો હતો ? (૫૧)

**પ્ર.૫** 'આપણે તપાસ કરવો.....' (૭૮-૭૯) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. निजतत्त्व ...... भजे सदा ॥ (૩૧)

૨. ષડક્ષરો છે ...... અંતર શુદ્ધ થાય. (૧૪)

૩. મનુષ્યલીલા રે ...... સહિત જે ભક્તિ. (૫૮)

૪. क्रोधाद भवति ...... नाशात्प्रणश्यति ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંત્તર લખો. (૮૮)

## વિભાગ-૨ : પ્રાગજી ભક્ત - અગિયારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''ઉઘાડે નેત્રે મટકું જીતીને ભજન કરો.'' (૪૭)

૨. ''એ જ્ઞાન મને ન આપો ?'' (૮)

૩. ''મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે.'' (૩૨)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. શ્રીજીમહારાજ પ્રાગજી ભક્તને વશ થયા. (૨૦)

૨. વિઠ્ઠલભાઈએ હનુમાનજીને તેલ ચઢાવવા છતાં તેમની પુત્રવધૂનો રોગ મટ્યો નહિ. (૫૯)

૩. સ્વામીની આજ્ઞા મળતાં જ પ્રાગજી ભક્ત ગિરનારને બોલાવવા દોડ્યા. (૧૨)

**પ્ર.૯** 'સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં' (૩-૬) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. આચાર્ય ભગવત્પ્રસાદ મહારાજે તેમજ કેટલાક સંતોએ શું કરવાનો નિશ્ચય કર્યો ? (૨૭)

૨. દર્શને આવતા હરિભક્તને ગુણાતીતાનંદ સ્વામી શું કહી ક્યાં મોકલતા ? (૨૧)

૩. ચૂનો બનાવતા પ્રાગજી ભક્તને લોકો શું કહેતા ? (૧૧)

૪. ભગતજીના મંદવાડમાં મુંબઈથી કોણ સેવામાં આવ્યું ? (૫૫)

૫. ભગતજી મહારાજ અમદાવાદ પધાર્યા ત્યારે મંદિરના આચાર્ય પદે કોણ હતું ? (૪૪)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કોને કોને કહ્યો ? (૨૩-૨૫)

(૧) ☐ ત્રિકમદાસ (૨) ☐ શુકાનંદ સ્વામી (૩) ☐ વાઘા ખાચર (૪) ☐ કમા શેઠ

૨. ભગતજી મહારાજે વાંસદાના દીવાનને આપેલ ઉપદેશ (૪૩)

(૧) ☐ મુમુક્ષુને હરણફડકો અને કાકનિદ્રા જોઈએ.

(૨) ☐ ભજનાનંદી થવાનું શિખવાડતા.

(૩) ☐ બ્રહ્મચર્યવ્રતથી જ ભગવાન વશ થાય છે.

(૪) ☐ એકવાર જમવું, અખંડ ભજન કરવું.

૩. કયા સંતો ભગતજી મહારાજનો સમાગમ નિધડકપણે કરતા ? (૩૫)

(૧) ☐ મહાપુરુષદાસજી (૨) ☐ વિજ્ઞાનાનંદ સ્વામી (૩) ☐ યજ્ઞપુરુષદાસજી (૪) ☐ બાલમુકુંદદાસજી

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન** :- જૂનાગઢના અમીન હરિભક્ત આચાર્ય જટાશંકરે પોતાના શિષ્ય મણીલાલ ભટ્ટને કહ્યું, આ જાગા ભક્ત જેવા મોચી ગાદી ઉપર બેસે અને આચાર્ય એમને દંડવત્ કરે છે.

જવાબ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન** :- જૂનાગઢના **નાગર** હરિભક્ત **ડૉ. ઉમિયાશંકરે** પોતાના **ગુરુ બાળમુકુંદદાસજીને પૂછ્યું,** આ **પ્રાગજી ભગત** જેવા **દરજી ઢોલિયા** ઉપર બેસે અને **સંતો** એમને દંડવત્ કરે છે.

૧. **જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે :** ‘આ વનનું શિયાળ ક્યાંથી આવ્યું ?’ જૂનાગઢ મંદિરમાં આવેલા પ્રાગજી ભક્તને જોઈને સિદ્ધાનંદ સ્વામી એકાએક બોલી ઊઠ્યા. (૬)

૨. **અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં :** તારે માથે તો બાવીસ કલાકની સેવા છે. તે બીજાના ભાગની સેવા કેવી રીતે કરીશ ? (૧૩)

૩. **થોરે કેળાં :** દીવાળીના સમૈયા ઉપર ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને પ્રસાદીના દાળિયા આપ્યા. (૧૮)

૪. **સત્સંગમાં કુસંગ :** નિત્યાનંદ સ્વામીએ જાગા ભક્તને વિમુખ કરવાનો દૃઢ ઠરાવ કર્યો હતો. (૨૮)

૫. **‘મને સ્વામિનારાયણ વળગ્યા છે’ :** મહારાજની કૃપાથી સ્વામીની મૂર્તિનું અખંડ સુખ હું લઉં છું અને તમારો જે સમાગમ કરે છે તેને એ અવિનાશી સુખ આપું છું. (૩૬)

૬. **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :** યજ્ઞપુરુષદાસજીએ સં.૧૯૫૩માં જૂનાગઢમાં જળઝીલણીના સમૈયા ઉપર ભગતજીને પધારવા, ગોરધનદાસ કોઠારીને મળીને આજ્ઞાપત્ર લખાવ્યો. (૫૦)

❊ ❊ ❊

નોંધ :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**